| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૮/૨૦૧૧ | | |
| નોંધણી તારીખ | ૨૬/૦૮/૨૦૧૧ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૪ | ૦૬ | ૨૨ |

==========================================

**ધોળકાના મહે.એડીશનલ સિનિયર સિવિલ જજ અને ચીફ જ્યુડી.મેજી.**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા.ધોળકા, જી.અમદાવાદ(ગ્રામ્ય).**

==========================================

**ક્રિમીનલ કેસ.નં.૨૩૪૩/૨૦૧૧**

**આંક:-**

**ફરીયાદી** :- **સરકારશ્રી.**

**વિરૂધ્ધ**

**આરોપીઓ** :- **(૧) મહંમદભાઈ લાલભાઈ બેલીમ** (C.R.P.C-299 મુજબ)
રહે.બાબુ મુન્સીનો ટેકરો,તા.ધોળકા,જી.અમદાવાદ(ગ્રામ્ય)

**(૨) પરષોત્તમભાઈ લખાભાઈ ભંગી** (C.R.P.C-299 મુજબ)
રહે.ગાંગડ,તા.ધોળકા,જી.અમદાવાદ(ગ્રામ્ય)

**ગુનો :- પશુ સંરક્ષણ ધારાની કલમ-૧૧ (ડી)(એલ)મુજબ**

------------------------------------------

ફરિયાદી તરફે વિ. એપીપીશ્રી : બી.પી.ભાણાવત
આરોપી તરફે વિ.વકીલશ્રી : ------

------------------------------------------

**-: ચુ કા દો :-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ

૦૪/૦૮/૨૦૧૧ ના કલાક–૧૮/૦૦ વાગે મોજે.ધોળકા વટામણ ચોકડી ઉપર કતલ કરવાના ઈરાદે એક વાછરડું કિ.રૂા.૩,૦૦૦/– મત્તાનું લઈ જઈ પશુઓ પ્રત્યે ઘાતકીપણાની કલમ ૧૧ (ડી)(એલ) મુજબના ગુના સબબનુ ચાર્જશીટ રજુ કરેલ છે. જે અત્રેની કોર્ટમાં ઉપરોકત  નંબરથી ફોજદારી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ, સદરહું કામે આરોપીઓને અવારનવાર વોરંટ કાઢવામાં આવેલ છે, જે વોરંટ આરોપીઓ મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત આવેલ છે. આરોપીઓ હાજર રહેલ ન હોય આમ,નજીકના ભવિષ્યમાં આરોપીઓ મળી આવે તેવી શકયતા ન હોય નામદાર હાઈકોર્ટના તા.૫/૭/૧૬ ના સરકયુલરનં:સી ૨૬૧૮/૧ અન્વયે આરોપીઓ વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ અન્વયે કાર્યવાહી કરવાનો તથા આરોપીઓની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખીક પુરાવાઓ:–</u>**

આંક–૦૫ થી પંચસાહેદ અજયભાઈ કાળુભાઈ ઠાકોરની જુબાની.

આંક–૦૭ થી ફરીયાદી અજયસિંહ મહીપતસિંહની જુબાની.

આંક–૦૯ થી પંચસાહેદ દશરથભાઈ કાંતિભાઈ ભરવાડની જુબાની.

આંક–૧૧ થી સાહેદ વિપુલભાઈ ઘનશ્યામભાઈની જુબાની.

આંક–૧૨ થી ત.ક.અ. પ્રભુજી દીતાજીની જુબાની

આંક–૧૩ થી સાહેદ મહાવીરસિંહ હેમતસિંહ વેગડની જુબાની.

આંક–૧૪ થી સાહેદ ચંદ્રકાતભાઈ કચરાભાઈ વાણીયાની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u>**

આંક–૦૮ થી ફરીયાદ

આંક–૧૦ થી પંચનામુ

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ સાક્ષી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં, તમામ પુરાવાનાં અંતે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લાયક પુરાવો ન હોય તેમજ આરોપીઓ વિરૂઘ્ધ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કમલ–૨૯૯ મુજબ ચલાવવામાં આવેલ હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોઘવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ, ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૬) હાલના કેસના આખરી નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>**:: મુદ્દાઓ ::**</u>

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૪.૮.૨૦૧૧ ના કલાક–૧૮/૦૦ વાગે મોજે.ધોળકા વટામણ ચોકડી ઉપર કતલ કરવાના ઈરાદે એક વાછરડું કિ.રૂા.૩,૦૦૦/– મત્તાનું લઈ જઈ પશુઓ પ્રત્યે ધાતકીપણાની કલમ–૧૧(ડી)(એલ) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) છેવટે શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં.

મુદ્દા નં.૨ નો જવાબ આખરી હુકમ મુજબ.

<u>**કા ર ણો**</u>

<u>**મુદ્દા નં.૧ અને ર**</u> **:–**

(૮). સદર કામે આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાની હકીકતને પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ તરફે સ્વતંત્રસાહેદો પૈકી પંચસાહેદ–અજયભાઈ કાળુભાઈ ઠાકોરનાઓને આંક–૦૫ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચસાહેદ મારફતે આંક–૦૬ થી પંચનામુ રજુ થયેલ છે.

સદર પંચસાહેદએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલાનું જણાવીને આંક–૦૬ ના પંચનામામાં ફકત પંચ તરીકેની પોતાની સહી જ ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. આમ આંક–૦૬ ના પંચનામાની હકિકતોને સમર્થનકારી હકિકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, પંચસાહેદના સમર્થનકારી પુરાવાના અભાવે આંક–૦૬ નું પંચનામુ કાયદાની નજરે નિ:શંકપણે પુરવાર થતું નથી.

(૯) સદર કામે પંચસાહેદ–દશરથભાઈ કાંતિભાઈ ભરવાડનાઓને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર પંચસાહેદ મારફતે આંક–૧૦ થી પંચનામુ રજુ થયેલ છે. સદર પંચસાહેદ એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામું કઈ જગ્યાએ કયા અને શેમાં કરેલ તે તેમને કશું યાદ નથી તેઓ સહી કરી ત્યારે તેઓની સાથે કોઈ અન્ય ઈસમ હતુ કે કેમ તેમજ કોણ તેમની સહી લેવા ગયેલ તે પણ તેઓને યાદ ન હોવાનું જણાવેલ છે. પરંતુ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. આમ આંક–૧૦ ના પંચનામાની હકિકતોને સમર્થનકારી હકિકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, પંચસાહેદના સમર્થનકારી પુરાવાના અભાવે આક–૧૦ નું પંચનામુ કાયદાની નજરે નિ:શંકપણે પુરવાર થતું નથી. જેથી આ કામના આરોપીઓ પાસેથી બનાવ સમયે મુદ્દામાલ વાછરડું કબજે કર્યાનું લેશમાત્ર પુરવાર થતું નથી.

(૧૦) સદર કામે આંક–૦૭ થી ફરીયાદી અજયસિંહ મહિપતસિંહનાઓએ તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવેલ છે કે,તા.૪.૮.૨૦૧૧ ના રોજ તેઓ તથા સાથે પી.એસ.આઈ.શ્રી સી.કે.વાણીયા તથા હે.કો.પ્રભુભાઈ તથા સ્ટાફના બીજા પોલીસના માણસો ધોળકા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ફરતા ફરતા મધીયા વટામણ ત્રણ રસ્તા આવતા સામેથી બે માણસો એક લાલ કલરનું વાછરડું લઈ આવતા હતા જેઓને ઉભા રખાવતા તેઓ ઉભા નહી રહેતા નજીકમાંથી જાડીમાં થઈ ભાગવા જતા નીચે પડી ગયેલ અને પછી ઉભા રખાવી નામઠામ પુછતા એકે પોનું નામ મહેમુદભાઈ લાલભાઈ બેલીમ

તથા બીજાનું નામ પરસોતમભાઈ લાલભાઈ બારીયા હોવાનું જણાવેલ. સદર લાલ કલરનું વાછરડું પંચનામું કરી કબજે લીધેલ. સદરી બાબતે પશુ સ.ધારા કલમ–૧૧(ડી)(એલ) મુજબ તેઓએ ધોળકા પો.સ્ટે. ફરીયાદ આપેલ હતી. ત્યારબાદ તેઓને ભારતીય પુરાવા અધીકનીયમ કલમ–૧૬૫ મુજબ સવાલ પુછતાં જણાવેલ કે સદર કામની ઝેરોક્ષ ફરીયાદ કોર્ટના રેકર્ડમાંથી બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ જે આંક–૦૮ થી રજુ રાખેલ છે. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર વાછરડાને લઈને આરોપીઓ જતા હોય અને બાતમી મળતા પોલીસે સદર આરોપીને રોકવા પ્રયત્ન કરેલ જેથી તેઓ ભાગી જતા સદર વાછરડું કતલ કરવાના ઈરાદે લઈ જતા હોય તેઓ શક પડતા આરોપી સામે ધોરણસરની કાર્યવાહી કરેલ.

(૧૧) સદર કામે આંક–૧૧ થી સાહેદ વિપુલભાઈ ઘનશ્યામભાઈ પટેલનાઓએ તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તા.૪.૮.૨૦૧૧ ના રોજ તેઓ તથા તેઓના સાથે પી.એસ.આઈ.શ્રી સી.કે.વાણીયા તથા હે.કો.પ્રભુભાઈ તથા સ્ટાફના બીજા પોલીસ ના માણસો ધોળકા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ફરતા ફરતા મધીયા વટામણ ત્રણ રસ્તા આવતાં સામેથી બે માણસો એક લાલ કલરનું વાછરડું લઈ આવતા હતા જેઓને ઉભા રખાવતા તેઓ ઉભા નહી રહેતા નજીકમાંથી જાડીમાં થઈ ભાગવા જતા નીચે પડી ગયેલ અને પછી ઉભા રખાવી નામ ઠામ પુછતા એકે પોતાનું નામ મહેમુદભાઈ લાલભાઈ બેલીમ તથા બીજાનું નામ પરસોતમભાઈ લાલભાઈ બારીયા હોવાનું જણાવેલ. સદર લાલ કલરનું વાછરડું પંચનામું કરી સી.કે.વાણીયા સાહેબે કબજે લીધેલ. ત્યારબાદ તેઓને ભારતીય પુરાવા અધીકનીયમ કલમ–૧૬૫ મુજબ સવાલ પુછતાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર વાછરડાને લઈને આરોપીઓ જતા હોય અને બાતમી મળતા પોલીસે સદર આરોપીને રોકવા પ્રયત્ન કરેલ જેથી તેઓ ભાગી જતા સદર વાછરડું કતલ કરવાના ઈરાદે લઈ જતા હોય તેવો શક પડતા તે અન્વયેની હકીકત તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં ત.ક.અમલદારશ્રીને જણાવેલ.

(૧૨) સદર કામે આંક–૧૨ થી ત.ક.અમલદાર સાહેદ પ્રભુજી દીતાજીનાઓએ તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, બનાવ સમયે ધોળકા ટાઉનમાં ડી સ્ટાફમાં ફરજ બજાવે છે. બનાવના અરસામાં ધોળકા ટાઉન ખાતે અ.હે.કો.તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તા.૪/૮/૨૦૧૧ના રોજ પો.સ.ઈ.સી.કે.વાણીયાઓને સાથે તેઓ તથા વિપુલભાઈ તથા અજયસિંહ તથા મહાવીરસિંહ એ રીતેના પેટ્રોલીગમાં ફરતા ફરતા વટામણ ચોકડી પર આવતા બાતમી મળેલ કે કેટલાક ઈસમો એક વાછરડુ લઈને નીકળતા જેઓને ઉભા રખાવતા બન્ને ઈસમો ભાગવા જતા કોર્ડન કરી પકડી પાડેલ. જેઓનું નામ ઠામ પુછતાં મહેમુદભાઈ લાલભાઈ બેલીમ તથા બીજાનું નામ પરસોતમભાઈ લાલભાઈ બારીયા નાઓને પકડી પાડી સદર વાછરડું જીવતું નંગ–૧ કિ.રૂા.૩૦૦૦/– ગણી પંચનામું કરી તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે અને સદરી ઈસમો વિરૂધ્ધમાં પો.કો.અજયસિંહના ઓએ ફરીયાદ નોંધાવેલી. જે ફરીયાદ પી.એસ.ઓ. એ ગુનો રજી. કરી તેઓને સોંપેલી અને ફરીયાદમાં જણાવેલ સાહેદોના નિવેદનો લેતાં આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલ. તેમજ પુરતા પુરાવા જણાતા આરોપી વિરૂધ્ધમાં ચાર્જશીટ કરેલ.

(૧૩) સદર કામે આંક–૧૩ થી સાહેદ મહાવીરસિંહ હેમતસિંહ વેગડનાઓએ તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તા.૪.૮.૧૧ ના રોજ તેઓ તથા પી.એસ.આઈ. સી.કે.વાણીયા, પ્રભુભાઈ તથા અજયસિંહ તથા વિપુલભાઈનાઓ પેટ્રોલીગમાં હતા દરમ્યાન મધીયા વટામણ ચોકડી આવતા બાતમી હકીકત મળેલ કે નેસડા તરફથી બે ઈસમો વાછરડું લઈને આવે છે નજીકમાંથી બે પંચો બોલાવી સદર બંને ઈસમોને બોલાવતા વાછરડું લઈને આવે છે નજકીમાંથી બે પંચો બોલાવી સદર બંને ઈસમોને બોલાવતા વાછરડુ મુકી બાવળની ઝાડીમાં નાસી ગયેલ, તેમની પાછળ દોડતા દોડતા તેઓને બંનેને પકડી લીધેલ જે પૈકીના પુછતા એક ઈસમનું નામ મહેમુદભાઈ લાલાભાઈ તથા બીજા ઈસમનું નામ પુછતા પરસોતમભાઈ લાખાભાઈ બારીયાા હોવાનું જણાવેલ અને લાલ કલરનું વાછરડું આશરે દોઢેક વરસનું જેની કિમત રૂા.૩ હજારની ગણી પંચનામું

સી.કે. વાણીયા નાઓએ કરેલ. તપાસના કામે તેઓએ તેઓનું નિવેદન આપેલ.

(૧૪) સદર કામે આંક–૧૪ થી સાહેદ ચંદ્રકાંત કચરામભાઈ વાણીયાનાઓએ તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, આ કામે ફરીયાદીનાઓએ ફરીયાદ આપેલ. પશુ સંરક્ષણ ધારા કલમ–૧૧(ડી)(એલ) મુજબ આપેલ. તેઓને ઉપરોકત ફરીયાદ કોર્ટ રેકર્ડ માંથી આંક–૮ વાળી ફરીયાદ બતાવવામાં આવેલ છે જેમાં ફરીયાદી અજયપાલસિંહએ આપેલ જેમાં તેઓની સહી ઓળખી બતાવેલ અને રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદ તેઓએ લીધેલ. જે સહી ઓળખી બતાવેલ છે. તેઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૦ વાળું પંચનામું બતાવવામાં આવેલ છે જેમાં પંચોની હાજરીમાં પંચનામું કરેલ છે.મુદ્દામાલ કબજે કરેલ છે. જે પંચનામાના પંચોની સહી લઈ તેઓની રૂબરૂ સહી છે તે ઓળખી બતાવેલ છે. તેમજ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ સુચીપત્ર બતાવવામાં આવેલ છે જે અસલ હોય આંક–૧૫ થી રજુ રાખેલ છે. આ સિવાય વિશેષમાં વધુ કઈ કહેવા માગતો નથી.

(૧૫) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક તથા લેખીત દસ્તાવેજી પુરાવાઓનું તટસ્થ મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ પશુ સ.ધારા કલમ–૧૧(ડી)(એલ) મુજબનો આક્ષેપીત ગુન્હો છે. આ કામે આંક–૦૯ ના પંચસાહેદ ગુના કામે મુદ્દામાલ કબજે કર્યા અંગેના આંક–૧૦ ના પંચનામાના પંચસાહેદ છે. ઉપરોકત પંચસાહેદે ફરીયાદપક્ષના કેસને તથા આંક–૧૦ ના પંચનામાને સમર્થનકારી જુબાની જણાવતા ન હોઈ તેઓની જુબાનીથી પંચનામુ પુરવાર થતુ નથી. વધુમાં પંચનામું સાબીત થતું નથી. જેથી આ કામના આરોપીઓ પાસેથી પોલીસ ધ્વારા પશુધન (વાછરડું) કબજે કર્યાનું સાબીત થતું નથી. વધુમાં **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ, (૧૯૭૯ ક્રિ. લો. રી.મહારાષ્ટ્ર ૪૨૧)** માં સ્થાપિત કરવામાં આવેલ છે કે જ્યારે પંચસાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરિયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિં. વધુમાં જે જગ્યાએથી આરોપીઓ વાહન સાથે પકડાયેલા છે તે જાહેર જગ્યા હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન તપાસ કરનાર

અમલદાર દ્વારા લેવામાં આવેલા નથી. જ્યારે ફરિયાદપક્ષ તરફે તપાસેલ મહત્વના સાહેદ એવા ફરિયાદીની આંક–૦૭ ની તથા સાહેદોની આંક–૧૧ તથા આંક–૧૩, ૧૪ ની જુબાની જોતાં ફરિયાદી તથા સાહેદો પોતે પોલીસ સાહેદ છે. જેઓની કામગીરીને સમર્થન કરવાનો ફરિયાદી દ્વારા પ્રયાસ કરવામાં આવેલાનું જણાય આવેલ છે.જયારે ફરીયાદ પક્ષે તપાસેલ મહત્વના સાહેદ એવા ત.ક. અમલદાર સાહેદ આંક–૧૨ થી પ્રભુજી દીતાજીની જુબાની જોતાં ત.ક અમલદાર પોતે ગુના કામના પોલીસ સાહેદ છે. આમ, ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં સદર બનાવ બનેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. જે શંકાનો લાભ ચોક્કસપણે આરોપીઓને મળવા પાત્ર છે. વધુમાં, આ તબક્કે ફોજદારીધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાનાં જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરિયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશાં આરોપીઓને મળે.

વધુમાં, **૧૯૯૬(૩) ક્રાઈમ્સ, પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન**નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કેઃ–When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ તા.૪.૮.૨૦૧૧ ના કલાક–૧૮/૦૦ વાગે મોજે.ધોળકા વટામણ ચોકડી ઉપર કતલ કરવાના ઈરાદે એક વાછરડું કિ.રૂા.૩,૦૦૦/– મત્તાનું લઈ જઈ પશુઓ પ્રત્યે ઘાતકીપણાની કલમ–૧૧(ડી)(એલ) મુજબનો ગુનાનો આક્ષેપ કરેલ છે, જે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોક્ત હકીકત જોતાં આરોપીઓ સામેનો આક્ષેપિત ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ

હોઈ જેથી મુદ્દા નં.૧ જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) આ કામના આરોપીઓ **(૧) મહંમદભાઈ લાલભાઈ બેલીમ** (C.R.P.C–299 મુજબ) રહે.બાબુ મુન્સીનો ટેકરો, તા.ધોળકા, જી.અમદાવાદ(ગ્રામ્ય) **(૨) પરષોત્તમભાઈ લખાભાઈ ભંગી** (C.R.P.C–299 મુજબ) રહે.ગાંગડ, તા.ધોળકા, જી.અમદાવાદ(ગ્રામ્ય)ના ઓને, ક્રિ. પ્રો.કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે પશુ સંરક્ષણ ધારાની કલમ–૧૧(ડી) (એલ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

( 3 ) મુદ્દામાલ–વાછરડા અંગે અગાઉ નામ. કોર્ટ ધ્વારા જો વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે યોગ્ય નીકાલ કરવા હુકમ છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૮/૦૩/ ૨૦૨૬
સ્થળ–ધોળકા

(બી.એમ.ગઢીયા)
એડીશનલ ચીફ જયુડી.મેજી.ધોળકા
યુનિક કોડ– જીજે૦૧૧૭૬